તા. ૧૯.૧૨.૨૦૨૪

નવગુજરાત સમય, પાના નં. ૧૦

# હવે મુસાફરો આંગળીના ટેરવે મેટ્રો ટ્રેનની ટિકિટ ખરીદી શકશે



ગાંધીનગરઃ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશને, 18મી-ડિસેમ્બરના બુધવારે તેની મોબાઇલ ટિકિટિંગ એપ્લિકેશન "Ahmedabad Metro (Official)" લોન્ચ કરી છે. જેનો ઉપયોગ કરીને હવેથી અમદાવાદ સહિત રાજ્યભરના મુસાફરો પોતાના મોબાઇલ દ્વારા મેટ્રો ટિકિટ સરળતાથી ખરીદી શકશે. ટિકિટ માટેની ચૂકવણી ડેબિટ-ક્રેડિટ કાર્ડ તેમજ યુપીઆઈ મારફતે કરી શકાશે. આ એપ્લિકેશન એન્ડ્રોઇડ વપરાશકર્તાઓ માટે ગૂગલ પ્લે સ્ટોર પર ઉપલબ્ધ છે અને 23મી, ડિસેમ્બર-2024થી તે iOS પ્લેટફોર્મ ઉપર પણ ઉપલબ્ધ થશે.